જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૧/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૭૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨૪ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૭૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૭૫/૨૦૨૫**

ચાંદખેડાઃ રીટાબહેન વા/ઓ રાજુભાઈ પરમાર (ઉ.વ.૫૦)(રહે.સુરેખાપાર્ક નક્ષત્ર મોલ પાસે આઈ.ઓ.સી.રોડ, ચાંદખેડા) એ તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરી તથા પેટી પલંગમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૧,૬૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૭૬/૨૦૨૫**

ચાંદખેડાઃ અનિલ સ/ઓ અજમલભાઇ દેસાઇ (ઉ.વ.૨૭)(રહે.સીફોન સોસાયટી, ગોદરેજ ગાર્ડન સીટી ચાંદખેડા) તા.૦૭/૧૧/૨૦૨૫ બપોરના ૧/૨૦ વાગ્યાના સુમારે ઉમા ભવાની ફાટક પાસે આવેલ રેલવે થાભલા નંબર–૭૭૪/૨૫ થી ૭૭૪/૨૩ વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા, ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

વટવા જીઆઇડીસીઃ શિવપ્રકાશ રામચરન વિશ્વકર્મા (ઉ.વ.૩૫)(રહે.પરભાવર મહીલા ઉપરહાર મહીલા કોસમ્બા ઉત્તરપ્રદેશ) તા.૦૭/૧૧/૨૦૨૫ સાંજના ૪/૪૫ વાગ્યા પહેલા વટવા ગેરતપુર રેલવે થાંભલા નંબર– ૪૮૪/૧ અને ૪૮૩/૩૫ ની વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા, ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૭૭/૨૦૨૫**

વેજલપુરઃ ચાંદખાન શબ્બીરખાન પઠાણ (ઉ.વ.૫૫)(રહે.ઈટાલીયન કોમ્પલેક્ષ નુરે અહેમદી મસ્જીદ પાસે જુહાપુરા ચાર રસ્તા પાસે) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દેવરાજભાઇ ધીરજીભાઇ ચલાવે છે.

બાપુનગરઃ મહાવીરસિંગ ઉર્ફે સોનું રામલાલ યાદવ (ઉ.વ.૩૨)(રહે. ચાંદાભાઇની ચાલી, સંજયનગરના છાપરાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૫ બપોરના ૩/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી